ઈરાન-ઈઝરાયેલ વચ્ચે વધતા યુદ્ધસમાન તણાવની અસર નવસારી-સુરતના હીરા ઉદ્યોગ પર

## નવસારીનો હીરા ઉદ્યોગ સંકટમાં

**હાલની** પરિસ્થિતિએ રફ હીરાનો જથ્થો ભારત સુધી પહોંચી રહ્યો નથી

**કરોડો** રૂપિયાનો માલ હવાઈ માર્ગે અથવા ટ્રાન્ઝિટમાં અટવાઈ ગયો

**કારખાનાઓમાં** ઉત્પાદન ધીમું પડતા કામના કલાકોમાં ઘટાડો, ક્યાંક કામદારોને રજાની ફરજ પડી



### હીરા ઉદ્યોગ ગુજરાતની અર્થવ્યવસ્થાનો મજબૂત આધારસ્તંભ

વેપારીઓએ કેન્દ્ર સરકારને અપીલ કરી છે કે અન્ય આંતરરાષ્ટ્રીય એરપોર્ટ અથવા પોર્ટ મારફતે નિકાસ-આયાતની વ્યવસ્થા સરળ બનાવવામાં આવે. સાથે જ વિદેશમાં ફસાયેલા વેપારીઓને મદદરૂપ થવા દૂતાવાસ સ્તરે ઝડપી પગલાં લેવાય. હીરા ઉદ્યોગ માત્ર વેપાર નહીં, પરંતુ ગુજરાતની અર્થવ્યવસ્થાનો મજબૂત આધારસ્તંભ છે. તેથી દુબઈમાં સર્જાયેલી આ અસ્થિરતા નવસારી અને સુરત માટે આર્થિક ચિંતાનો વિષય બની છે. હાલ પરિસ્થિતિ પર સૌની નજર છે. જો તાત્કાલિક ઉકેલ નહીં મળે, તો હીરા ઉદ્યોગ ફરી એક વખત મંદી જેવા કપરા દિવસો તરફ ધકેલાઈ શકે છે.

**દુબઈના દરવાજા બંધ**

નવસારી : ઈરાન-ઈઝરાયેલ વચ્ચે વધતા યુદ્ધસમાન તણાવની અસર હવે સીધી ગુજરાત સુધી પહોંચી છે. મધ્યપૂર્વમાં ઉદ્ભવેલી અસ્થિરતાના કારણે દુબઈ એરપોર્ટ અને ટ્રેડ રૂટ્સ ખોરવાતા નવસારી અને સુરતના હીરા ઉદ્યોગ પર ગંભીર અસર જોવા મળી રહી છે.

દુબઈ વર્ષોથી હીરા વેપારનું આંતરરાષ્ટ્રીય હબ રહ્યું છે. ઓછા ટેક્સ, ઝડપી ક્લિયરન્સ અને વૈશ્વિક કનેક્ટિવિટી જેવા લાભોને કારણે ગુજરાતના મોટાભાગના હીરા વેપારીઓએ દુબઈને મુખ્ય ટ્રાન્ઝિટ સેન્ટર બનાવ્યું હતું. પરંતુ હાલની પરિસ્થિતિએ આ સમગ્ર વ્યવસ્થા ઠપ્પ કરી દીધી છે. રફ હીરાનો જથ્થો ભારત સુધી પહોંચી રહ્યો નથી અને અહીંથી તૈયાર પોલિશ્ડ હીરાની નિકાસ પણ અટકી ગઈ છે.

વેપારીઓના જણાવ્યા મુજબ કરોડો રૂપિયાનો માલ હવાઈ માર્ગે અથવા ટ્રાન્ઝિટમાં અટવાઈ ગયો છે. કારખાનાઓમાં ઓર્ડર હોવા છતાં કાચા માલના અભાવે ઉત્પાદન ધીમું પડી રહ્યું છે. કેટલાક યુનિટોએ કામના કલાકોમાં ઘટાડો કર્યો છે, તો ક્યાંક કામદારોને તાત્કાલિક રજા આપવાની ફરજ પડી રહી છે.

નવસારી અને સુરતના હજારો રત્નકલાકારોનો રોજગાર આ ઉદ્યોગ પર આધારિત છે. જો પરિસ્થિતિ લાંબી ખેંચાય તો રોજગારી અને નિકાસ બંને પર ગંભીર અસર પડી શકે છે. ઉદ્યોગ સાથે જોડાયેલા આગેવાનોએ જણાવ્યું છે કે દુબઈ માર્કેટ લગભગ સ્થગિત સ્થિતિમાં છે અને વૈકલ્પિક માર્ગો તાત્કાલિક ઉપલબ્ધ નથી.

## હોળીમાં નવસારીમાં ‘પેઇડ પાર્ટીઓ’નો ધમધમાટ

**દારૂ**, ધ્વનિ પ્રદૂષણ અને સુરક્ષા ખામીની ભીતિ વચ્ચે પોલીસ-કલેક્ટરને લેખિત રજૂઆત

નવસારી : હોળી-ધુળેટી પર્વ નજીક આવતા નવસારીમાં ફાર્મ હાઉસ અને પાર્ટી પ્લોટ્સ પર યોજાનારી ટિકિટ આધારિત હોળી પાર્ટીઓ ચર્ચાનો વિષય બની છે. શહેર અને આસપાસના વિસ્તારોમાં વ્યાપારી ધોરણે ‘પેઇડ ઇવેન્ટ્સ’ના આયોજનની તૈયારીઓ ચાલી રહી હોવાની માહિતી સામે આવતા ગેરમંજૂર આયોજનો સામે તંત્રને કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠી છે.

વાઘાવાડી-કબીલપુરના અર્જુન ભરવાડ દ્વારા જિલ્લા પોલીસ અધિક્ષક અને જિલ્લા કલેક્ટરને લેખિત રજૂઆત કરવામાં આવી છે. રજૂઆત મુજબ ખાસ કરીને ઈટાળવા રોડ વિસ્તાર સહિતના કેટલાક ફાર્મ હાઉસ અને પાર્ટી પ્લોટ્સ પર એન્ટ્રી ફી સાથે મોટા પાયે હોળી કાર્યક્રમો યોજવાની તૈયારીઓ ચાલી રહી છે. અનેક આયોજકો દ્વારા વહીવટી તંત્રની પૂર્વ મંજૂરી લીધા વગર જ આવા કાર્યક્રમો ગોઠવાઈ રહ્યા હોવાની શંકા વ્યક્ત કરવામાં આવી છે.

અરજીમાં ધ્વનિ પ્રદૂષણના નિયમોના ભંગ અને પોલીસ જાહેરનામાના ઉલ્લંઘનની ભીતિ દર્શાવવામાં આવી છે. રાત્રિના સમયે ભારે અવાજને કારણે આસપાસના વિસ્તારોમાં રહેતા લોકોને તકલીફ થવાની શક્યતા પણ વ્યક્ત કરવામાં આવી છે. સાથે જ મોટા પ્રમાણમાં ભીડ એકત્ર થતી હોવા છતાં ફાયર સેફ્ટી, ઇમરજન્સી એક્ઝિટ અને સુરક્ષા વ્યવસ્થાના અભાવને કારણે કોઈ દુર્ઘટના સર્જાય તો જાનહાનિ થવાની ભીતિ પણ રજૂ કરવામાં આવી છે.

ગુજરાત ડ્રાય સ્ટેટ હોવા છતાં આવી ખાનગી પાર્ટીઓમાં દારૂ અથવા અન્ય નશીલા પદાર્થોના ઉપયોગની શક્યતા અંગે પણ તંત્રનું ધ્યાન દોરવામાં આવ્યું છે. અરજદારે પોલીસ તંત્રને માંગ કરી છે કે આવા સ્થળો પર ડ્રોન અને CCTV દ્વારા કડક નજર રાખવામાં આવે, મંજૂરી વગર ચાલતા તમામ આયોજનો તાત્કાલિક બંધ કરાવવામાં આવે અને કાયદાનો ભંગ થાય તો આયોજકો તથા સ્થળ માલિકો સામે કડક કાર્યવાહી કરવાની માગ કરી છે.

## નવસારી કોંગ્રેસમાં સ્લીપર સેલ વિવાદે સર્જ્યો રાજકીય ભુકંપ

**દીપક** બારોટની નિમણૂકથી સંગઠનમાં ખુલ્લો બળવો, જિલ્લા નેતૃત્વ સામે સવાલો



નવસારી : નવસારી શહેર કોંગ્રેસમાં નવા પ્રમુખની નિમણૂક બાદ સંગઠનમાં જોરદાર ઉથલપાથલ સર્જાઈ છે. જિલ્લા કોંગ્રેસ પ્રમુખ શૈલેષ પટેલ દ્વારા દીપક બારોટને શહેર પ્રમુખ તરીકે નિયુક્ત કરાતા જ પક્ષની અંદરથી અસંતોષ ખુલ્લેઆમ ફાટી નીકળ્યો છે. એકતા અને મજબૂતીના દાવા વચ્ચે લેવાયેલો આ નિર્ણય હવે આંતરિક વિખવાદ અને બળવોનું કારણ બન્યો હોવાનું રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે.

નવા પ્રમુખ સામે ‘સ્લીપર સેલ’ જેવા ગંભીર આક્ષેપો ઉઠતા પરિસ્થિતિ વધુ તંગ બની છે. વિરોધી જૂથનો દાવો છે કે ભાજપ સાથે સંકળાણ ધરાવતા ચહેરાને શહેર સંગઠનની કમાન સોંપવામાં આવી છે, જેના કારણે કોંગ્રેસની વિશ્વસનીયતા પર પ્રશ્નચિહ્ન ઊભું થયું છે. ગત નગરપાલિકા ચૂંટણીમાં પક્ષને થયેલી કરૂણ હારને પણ કેટલાક કાર્યકરો આ વિવાદ સાથે જોડીને ગંભીર આક્ષેપો કરી રહ્યા છે.

આ મુદ્દે નવસારીના પાયાના આગેવાનો નીરવ નાયક, રાજુભાઈ ડેલકર, નેહલ પટેલ, જીગ્નેશ રાઠોડ, નિલેશ પાટીદાર, રૂપેશ દેસાઈ, અનિલ પટેલ અને અનિલ વાસી સહિત અંદાજે ૫૦થી વધુ કાર્યકરો વ્યારા સુધી પહોંચી વિધાનસભા વિરોધ પક્ષના નેતા તુષાર ચૌધરીને મળ્યા હતા. રજૂઆત દરમિયાન કાર્યકરોએ પક્ષની અખંડિતતા સાથે કોઈ સમાધાન નહીં એવી સ્પષ્ટ ચેતવણી આપી હતી.

કાર્યકરોનું કહેવું છે કે વર્ષોથી મેદાનમાં મહેનત કરનારા નિષ્ઠાવાન કાર્યકરોને અવગણીને લેવાયેલા આવા નિર્ણયો સ્વીકાર્ય નથી. તેમણે તાત્કાલિક નિષ્પક્ષ તપાસ અને યોગ્ય નિર્ણય લેવા માંગ કરી છે. રજુઆત બાદ તુષારભાઈ ચૌધરીએ સમગ્ર મામલો પ્રદેશ કોંગ્રેસ કક્ષાએ વડા નેતૃત્વ સુધી પહોંચાડવાની અને યોગ્ય સ્તરે ચર્ચા કરવાની ખાતરી આપી હોવાનું જાણવા મળે છે.

### નવસારી ધગધગ્યું: એક જ દિવસે 4.5 ડિગ્રીનો ઉછાળો

નવસારી : નવસારીમાં ઉનાળાની અસર હવે તીવ્ર રીતે અનુભવાઈ રહી છે. 2 માર્ચે 33C રહેલું મહત્તમ તાપમાન 3 માર્ચે સીધું 37.5C સુધી પહોંચી ગયું છે. માત્ર 24 કલાકમાં 4.5 ડિગ્રીનો વધારો નોંધાતા શહેરમાં ગરમીનો પ્રભાવ સ્પષ્ટ થયો છે. લઘુત્તમ તાપમાન પણ 18C થી વધીને 19C નોંધાયું છે, જેના કારણે રાત્રિ દરમિયાન પણ ગરમીનો અહેસાસ વધ્યો છે. સવારે 90થી 95 ટકા ભેજને કારણે ઉકળાટભર્યો માહોલ રહ્યો હતો, જ્યારે સાંજ સુધી ભેજ ઘટીને 28થી 49 ટકા સુધી આવી ગયો હતો. પવનની ગતિ માત્ર 2થી 2.5 કિમી પ્રતિ કલાક જેટલી ધીમી હોવાથી ગરમીમાંથી ખાસ રાહત મળી નથી. હવામાનની આગાહી મુજબ આગામી દિવસોમાં પારો 39C સુધી પહોંચી શકે છે. બપોરે 12 થી 4 દરમિયાન તાપઘાત અને ડિહાઈડ્રેશનનો ખતરો વધે તેવી શક્યતા છે.

## સંજાણ સ્ટેશન પાસે અન્ડરપાસની કામગીરી ઝડપી બનાવવા રજૂઆત

**પશ્ચિમ** રેલવેના મુંબઈ સેન્ટ્રલ ડિવિઝનના ડિવિઝનલ રેલવે મેનેજરને પત્ર લખીને ગર્ડર લોન્ચિંગ માટે ‘ટ્રાફિક બ્લોક’ આપવા માંગણી

વલસાડ : સંજાણ રેલવે સ્ટેશન નજીક લેવલ ક્રોસિંગ-68 (LC-68) પર બની રહેલા અન્ડરપાસના કામમાં થઈ રહેલા વિલંબ અંગે સાંસદ ધવલ પટેલે પશ્ચિમ રેલવેના મુંબઈ સેન્ટ્રલ ડિવિઝનના ડિવિઝનલ રેલવે મેનેજર (DRM) ને પત્ર લખીને ગર્ડર લોન્ચિંગ માટે તાકીદે ‘ટ્રાફિક બ્લોક’ આપવા માંગણી કરી છે. આ અંડરપાસ જાહેર સુવિધા અને સુરક્ષા માટે મહત્વનો હોય તાકીદે કાર્યવાહીની પણ માંગ કરી છે.

સૂત્રોના જણાવ્યા મુજબ, સાંસદ ધવલ પટેલે રેલવે તંત્રનું ધ્યાન દોરતા જણાવ્યું હતું કે, સંજાણ રેલવે સ્ટેશન પાસે આવેલા અન્ડરપાસનું કામ વાહનવ્યવહારની સુગમતા અને સુરક્ષા માટે અત્યંત જરૂરી છે. આ અન્ડરપાસ તૈયાર થવાથી લેવલ ક્રોસિંગ નાબૂદ થશે. જેનાથી અકસ્માતોની શક્યતા ઘટશે અને ટ્રાફિકની સમસ્યામાં પણ રાહત મળશે. પત્રમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે, અન્ડરપાસ માટે જરૂરી ગર્ડર ઈન્સ્ટોલેશનની કામગીરી લાંબા સમયથી પેન્ડિંગ છે. રેલવે તરફથી જરૂરી ‘ટ્રાફિક બ્લોક’ (ટ્રેનોની અવરજવર રોકીને કરવામાં આવતું કામ) ફાળવવામાં ન આવતા આ મહત્વકાંક્ષી પ્રોજેક્ટ અટવાયો છે. આ વિલંબને કારણે મુસાફરોને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. પાયાની માળખાગત સુવિધામાં થઈ રહેલો આ વિલંબ સીધી રીતે જાહેર જનતાની સલામતીને અસર કરી રહ્યો છે.

### સંક્ષિપ્ત સમાચાર

#### વલસાડના આઇટીઓની આસિસ્ટન્ટ કમિશનર તરીકે બઢતી



વલસાડ : ઇન્કમ ટેક્સ વિભાગમાં પોતાની આગવી કાર્યશૈલી ધરાવનાર અધિકારી તરીકેની છાપ ધરાવતા ધર્મેન્દ્ર ટેકવાનીને કેન્દ્ર સરકાર દ્વારા આસિસ્ટન્ટ કમિશનર (ACIT) તરીકે બઢતી આપવામાં આવી છે. છેલ્લા ૩૦ વર્ષથી વિભાગમાં કાર્યરત અને મૂળ નવસારીના વતની એવા ટેકવાનીની આ નિમણૂકથી સમગ્ર દક્ષિણ ગુજરાતના આવકવેરા વિભાગમાં ખુશીની લહેર ફરી વળી છે. ધર્મેન્દ્ર ટેકવાનીની ત્રણ દાયકાની કારકિર્દીમાં તેમને ગુજરાત રાજ્યમાં સૌથી વધુ ટેક્સ રિકવરી લાવવા બદલ દેશના નાણામંત્રી નિર્મલા સીતારમન દ્વારા તેમને વિશેષ એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. દક્ષિણ ગુજરાતના ઇન્વેસ્ટિગેશન સેક્શનમાં તેમની કામગીરી અત્યંત મહત્વની રહી છે. અનેક મોટી રેડ (દરોડા) અને જટિલ કેસોમાં તેમણે અત્યંત કુશળતાપૂર્વક તપાસ હાથ ધરી વિભાગની તિજોરીમાં મોટું યોગદાન આપ્યું છે. તેઓ માત્ર અધિકારી જ નહીં, પરંતુ એક ઉત્તમ ટ્રેનર પણ છે. અનેક સેમિનારમાં તેઓ સાથી અધિકારીઓને ટેકનિકલ ટ્રેનિંગ આપી માર્ગદર્શન પૂરું પાડે છે. વલસાડ અને દક્ષિણ ગુજરાતના કરદાતાઓ સાથેનો તેમનો વ્યવહાર હંમેશા ઉમદા રહ્યો છે. વિભાગના નીતિ-નિયમો પ્રત્યેની ચુસ્તતા અને કરદાતાઓ પ્રત્યેની સૌમ્યતાને કારણે તેઓ ટેક્સપેયર્સ અને આખા ડિપાર્ટમેન્ટમાં ખૂબ જ સન્માન ધરાવે છે. તેમની ૩૦ વર્ષની નિષ્ઠાવાન સેવાનું ફળ આજે તેમને બઢતી સ્વરૂપે મળ્યું છે.

#### ડાંગ દરબારના મેળામાં સાયબર જાગૃતિ સાથે પેમ્પ્લેટ તથા બેગનું વિતરણ



ગિરીશ ભોયે

સાપુતારા : ડાંગ જિલ્લા પોલીસ વડા પૂજા યાદવના માર્ગદર્શન હેઠળ આહવા સાઇબર પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સપેક્ટર મહેશભાઇ જી. ઢોઢીયા અને ટીમ દ્વારા ડાંગ દરબારના મેળામાં લોકોને સાઇબર ક્રાઇમ વિશે જાગૃત કરી માહિતીપ્રદ પેમ્પલેટનું તથા બેગનું વિતરણ વિતરણ કર્યું હતુ. પોલીસે લોકોને ઓનલાઇન ફ્રોડ અને સ્કેમ કોલ, ડેટા પ્રાઇવસી, સોસિયલ મિડીયા તથા ડિજીટલ પેમેન્ટ અને ઓનલાઇન બેંકીગ સેફ્ટી તેમજ સાઇબર ક્રાઇમ રીપોર્ટીંગની પ્રક્રિયા (1930 Helpline / Portal) અંગે માહિતી આપી હતી.

#### તહેવારોને લઈને ઉમરગામ પોલીસનું સઘન ફૂટ પેટ્રોલિંગ



ઉમેશ સોલંકી

ઉમરગામ : તહેવારોને ધ્યાનમાં રાખીને ઉમરગામ પોલીસ કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે તકેદારી રાખી રહી છે. મંગળવારે સાંજના સંજાણ તથા ઉમરગામ ગાંધીવાડી વિસ્તારમાં પોલીસના મોટા કાફલા દ્વારા ફૂડ પેટ્રોલિંગ ફ્લેગ માર્ચ યોજાઈ હતી. આમ કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે ઉમરગામ પોલીસ ખૂબ જ તકેદારી રાખી રહી છે.

## કાયદો વ્યવસ્થાના ધજાગરા, પંદરેક ઈસમે ટેમ્પો ચાલકને ફટકાર્યો

**ચીખલીમાં હોર્ન** મારવા છતાં સાઈડ ન આપવાની બાબતે ટોળાએ ટેમ્પા ચાલકને ઢીબી નાંખ્યો

**ટેમ્પો** પર પથ્થર, લાકડા, ઈંટ મારી લુખ્ખા તત્વોએ કાયદો-વ્યવસ્થાના ધજાગરા ઉડાડ્યા

**વિડીયો** વાયરલ થયા બાદ પણ હજુ ગુનો નોંધાયો નથી

### પોલીસના બેવડા ધારાધોરણો

ચીખલી પોલીસે છેલ્લા દિવસોમાં જાહેરમાં લાકડા લઈને ફરનારાઓ સામે જાહેરનામા ભંગના ત્રણ જેટલા ગુના દાખલ કર્યા હતા. ત્યારે ઉપરોક્ત જાહેરમાં લાકડાથી માર મારવાના બનાવમાં લેખિત રજુઆત અને વિડીયો વાયરલ થવા છતાં પણ ગુનો નોંધ્યો નથી. ત્યારે પોલીસના આવા બેવડા ધારા ધોરણને પગલે જ પોલીસનો હાવ ધાક અસામાજિક તત્વો પર રહેતો નથી અને જેમાં વેઠવાનું આમ લોકોએ જ આવતું હોય છે.

ઘેજ : ચીખલીના ભીડભાડવાળા રોડ પર અવાર નવાર હોર્ન મારવા છતાં સાઈડ ન આપવાની બાબતે મોપેડ સવારનો પીત્તો જતા મલિયાધરા ખરેરા નદીના પુલ પર ટોળા પાસે ઘેરાવો કરાવી લાકડાથી ટેમ્પા ચાલકને ફટકાર્યો હતો.

ઈજાગ્રસ્ત ટેમ્પા ચાલકે લેખિત અરજી આપવા ઉપરાંત માર મારવાનો વિડીયો વાયરલ થયા બાદ પોલીસ એક શખ્સને ઊંચકી લાવી હતી. જો કે કાયદો વ્યવસ્થાના ધજાગરા ઉડાવનારા સામે પોલીસની ઢીલી નીતિથી અસામાજિક તત્વોને મોકળુ મેદાન મળી રહ્યું છે.

રવિવારે અટગામનો આઇસર ટેમ્પાનો ચાલક ધવલભાઈ આહીર બીલીમોરથી માલસામાન ભરી અટગામ તરફ જઈ રહ્યો હતો. તે દરમ્યાન તલાવચોરા રોડ પર ભીડભાડવાળા વિસ્તારમાં મોપેડ સવાર વારંવાર હોર્ન વગાડતો હતો. પરંતુ સાઈડ ન આપી શકાતા આગળ જઈને ઉભી રાખી દાદાગીરી કરી ગાડી કેવી ચલાવે છે. તેમ દમ મારી આગળ સાઈડમાં દબાવવાનું જણાવતા ટેમ્પા ચાલકે આગળ જઈ ટેમ્પો ઉભો રાખ્યો હતો. પરંતુ આ મોપેડ સવાર ત્યાં ઉભી રહ્યો ન હતો.

બાદમાં ખરેરા નદીના પુલ પર પંદરેકના ટોળાએ ટેમ્પાને ઘેરી પથ્થર, લાકડા, ઈંટ ટેમ્પા પર મારી ચાલક ધવલભાઈને લાકડાના ફટકા મારવાનું શરૂ કરી માર માર્યો હતો. આમ જાહેરમાં લુખ્ખા તત્વોએ કાયદો-વ્યવસ્થાના ધજાગરા ઉડાડી ચાલકને માર મારતા હાથમાં ફેક્ચર થયુ હતુ. પોલીસે વિડીયો વાયરલ થયાના બે દિવસ બાદ ગુનો નોંધવા માટે તજવીજ હાથ ધરી હતી પરંતુ આ લખાય ત્યાં સુધી કોઈ ગુનો નોંધાયો ન હતો.



## વાપીમાં નાણાં મંત્રી કનુભાઈએ ઓવરબ્રિજના કામનું નિરીક્ષણ કર્યુ

**વાપીનો** રેલવે આવરબ્રિજ તેમજ જે ટાઈપબ્રિજના કામો ઝડપથી પૂરા થાય તેવી અધિકારીઓને તાકીદ

### વાપી બલીઠામાં રેલવે અંડર પાસ શરૂ થતાં લોકોને રાહત

વાપીના બલીઠામાં અતુલ કોલોની પાસે બનેલા રેલવે અંડરપાસને ગત સપ્તાહમાં જ ખુલ્લો મૂકાતા વાહન ચાલકો માટે રાહત થઈ ગઈ છે. વાપી પૂર્વથી પશ્ચિમને જોડતા આ રેલવે અંડરપાસને કારણે ટ્રાફિકનું ભારણ હળવું થયું છે. આ બે બ્રિજ તેમજ જૂના ફાટક પાસે પણ એક રેલવે અંડરપાસ શરૂ થશે ત્યારે વાપીના લોકોને મોટી રાહત થઈ જશે. આટલા મોટાપાયે કામ ચાલી રહયા છે ત્યારે લોકો માટે આગામી દિવસોમાં વર્ષો સુધી ટ્રાફિકની સમસ્યાનો કાયમી ઉકેલ આવી જશે.

વાપી : વાપી વિસ્તારના ધારાસભ્ય તેમજ નાણાં તેમજ શહેરી વિકાસના કેબિનેટ મંત્રી કનુભાઈએ અધિકારીઓને સાથે રાખી આજે વાપી ઝંડાચોક વિસ્તારમાં રેલવે ઓવરબ્રિજની કામગીરીનું સ્થળ ઉપર જઈ નિરીક્ષણ કર્યુ હતું. તેમણે સ્થળ ઉપર જઈને બ્રિજના ચાલી રહેલા કામ ઝડપથી પૂરા કરવા અંગે ઉચ્ચ અધિકારીઓને તાકીદ કરી હતી. આ ઉપરાંત વાપી જે ટાઈપનો રેલવે ઓવરબ્રિજના કામને પણ તેમણે સ્થળ ઉપર જઈને અધિકારીઓને કામ સારું થાય અને ઝડપથી પૂરું થાય તો લોકોને આ બંને બ્રિજની સગવડનો લાભ મળી શકે. પારડી વિસ્તારના ધારાસભ્ય કનુભાઈ દેસાઈએ બંને બ્રિજના ચાલી રહેલા કામને જાતે ફરીને જોઈને અધિકારીઓને તાકીદ કરી હતી. વાપીમાં નાણાં મંત્રી કનુભાઈએ જયારે બ્રિજના કામોનું નિરીક્ષણ કર્યુ ત્યારે તેમની સાથે વલસાડ જિલ્લા ભાજપના ઉપપ્રમુખ સતિષભાઈ પટેલ તથા વાપી શહેર ભાજપના પ્રમુખ મનિષભાઈ દેસાઈ ઉપસ્થિત રહયા હતા. વાપી મ્યુન્સિપલ કમિશનર યોગેશ ચૌધરી તેમજ માર્ગ મકાન વિભાગના અધિકારી જતીનભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

### સીમળગામમાં એક વ્યક્તિ પોતાના જ ઘરમાં મૃત મળી આવી

નવસારી : જલાલપોર તાલુકાના સીમળગામ નવા હળપતિવાસમાં એક વ્યક્તિ પોતાના જ ઘરમાં મૃત હાલતમાં મળી આવી હતી. ઘરમાંથી તીવ્ર દુર્ગંધ આવતાં આસપાસના રહેવાસીઓએ શંકા વ્યક્ત કરી અને તરત જ ઓળખીતાઓ મારફતે પોલીસને જાણ કરવામાં આવી હતી. મૃતક તરીકે 46 વર્ષીય મનુભાઈ લલ્લુભાઈ હળપતની ઓળખ થઈ છે.

### ઉમરગામમાં 7 ચાલી માલિકો સામે ગુનો

ઉમરગામ : ઉમરગામ પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન સીસીટીવી કેમેરા ન રાખવા અને ભાડુઆતની માહિતી પોલીસ મથકે ન આપવા બદલ જાહેરનામાના ભંગના 7 જેટલા ગુના દાખલ કર્યા હતા. જિલ્લા મેજિસ્ટ્રેટ વલસાડે પ્રસિદ્ધ કરેલા જાહેરનામાની અમલવારી કરાવવા ઉમરગામ પોલીસની ટીમ રવિવારે ઉમરગામ ટાઉન તથા ઉમરગામ ગાંધીવાડી વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. દરમિયાન ચાલીઓમાં સીસીટીવી કેમેરા ન લગાડવા બદલ છ જેટલા ચાલી માલિકો સામે તથા ભાડુઆતની માહિતી ન રાખવા બદલ સામે ગુનો નોંધાયો હતો.

## નવસારીમાં તાવ, ઉધરસ, શરદીનાં કેસોમાં સતત વધારો

**સિવિલ** હોસ્પિટલ બાદ ખાનગી ક્લિનિકોમાં પણ દર્દીઓની સંખ્યા વધી

નવસારી : નવસારી શહેરમાં છેલ્લા કેટલાક અઠવાડિયાંથી તાવ, શરદી અને ઉધરસના કેસોમાં વધારો નોંધાઈ રહ્યો છે. બદલાતુ હવામાન, સવારની ઠંડી અને બપોરે વધતી ગરમીને કારણે આરોગ્ય પર અસર થતી હોવાનું તબીબો જણાવી રહ્યા છે.

નવસારી સિવિલ હોસ્પિટલમાં છેલ્લા 30 દિવસ દરમિયાન 999 દર્દીઓ OPDમાં તાવ અને સંબંધિત લક્ષણો સાથે આવ્યા હતા. તેમાંમાંથી 49 દર્દીઓને વધુ સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા.

સરકારી હોસ્પિટલ ઉપરાંત શહેરના ખાનગી ક્લિનિકોમાં પણ દર્દીઓની સંખ્યા વધી હોવાનું ડોક્ટરો જણાવે છે. તાવ, ગળામાં દુખાવો, ઉધરસ અને થાક જેવી સામાન્ય ફરિયાદો સાથે દર્દીઓ સારવાર માટે આવી રહ્યા છે. તબીબી નિષ્ણાતો મુજબ હવામાનમાં અચાનક ફેરફાર થવાથી રોગપ્રતિકારક શક્તિ પર અસર પડે છે, ખાસ કરીને બાળકો, વૃદ્ધો અને પહેલેથી જ અન્ય બીમારીઓ ધરાવતા દર્દીઓમાં લક્ષણો વધુ દેખાઈ શકે છે. નાગરિકોને સમયસર સારવાર લેવી, સ્વચ્છતા જાળવવી અને ડોક્ટરની સલાહ મુજબ દવાઓ લેવાની સલાહ આપવામાં આવી છે.